# ભાજપમાં ૩૦૦થી વધુ આગેવાનો જોડાયા

## ભવ્ય ગુજરાતના નિર્માણ માટે સૌનો સહયોગ જરૂરી છે : ચુડાસમા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર તાલુકાના ઉનાવા ગામે આજે ૩૦૦ થી પણ વધુ યુવાનો, સામાજીક આગેવાનો અને વકીલોએ ભાજપમાં વિધિવત્ પ્રવેશ કર્યો છે.

ઉનાવા ગામ નજીક આ અંગે યોજાયેલે એક કાર્યક્રમમાં પ્રદેશ અગ્રણી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગાંધીનગરના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, જિલ્લા પ્રમુખ શકુંતલાબેન પટેલ, મહામંત્રી શ્રી રાજેન્દ્રસિંહ રાઠોડ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સામાજિક આગેવાનો વકીલો અને યુવાનોને આવકારતા જણાવ્યું હતું કે ભવ્ય ગુજરાતના નિર્માણમાં સૌનો સહયોગ જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે વિકાસની ગતિ રાજ્યના મુખ્યમંત્રીશ્રી મોદીના નેતૃત્વમાં ગુજરાતે જે પ્રાપ્ત કરી છે તે આગામી દિવસોમાં વધુ વેગીલી બનશે.

તેમણે જણાવ્યુ હતુ કે ભવ્ય ગુજરાતના નિર્માણ માટેનો નકશો તૈયાર થઈ ચુક્યો છે. શ્રી ચુડાસમાએ જણાવ્યું હતું કે ભાજપ માટે વિકાસ એ જ માર્ગ છે અને વિકાસની રાજનીતિનો જ આગ્રહ રાખવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગુજરાતે સાધેલા વિકાસની નોંધ હવે અન્ય રાજ્યો અને દેશ નહિ પણ વિદેશોમાંય લેવાઈ રહી છે તેજ સૌથી મોટી સિદ્ધિ છે.

આ પ્રસંગે બોલતાં ગાંધીનગરના મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતું કે તેઓ ભાજપમાં મુખ્યમંત્રીશ્રીના વિકાસલક્ષી અભિગમને નજરમાં રાખી જોડાયા છે. પક્ષમાં હોદ્દા મળે કે ના મળે તે મહત્વનું નથી અમે તો દૂધમાં સાકર ભળે તેમ ભળી જઈ વિકાસયાત્રાને વેગીલી બનાવવા માંગીએ છીએ.

આ પ્રસંગે શકુંતલાબેન પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કરી પક્ષમાં જોડાઈ રહેલા સર્વને આવકાર આપ્યો હતો. આજે ગાંધીનગર બાર એસો.ના પ્રમુખશ્રી વિજયસિંહ સહિત દસ જેટલા વકીલો પણ ભાજપમાં જોડાયા છે તો વિવિધ સામાજિક સંગઠ્ઠનોના આગેવાનો પણ ભાજપમાં જોડાયા છે.

### વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



રવીન્દ્રભાઈ જયંતિલાલ દવે (૧૯૩૯) ફોન : ૨૩૨૬૧૭૫૫



ભાલચંદ્ર પ્રભાશંકર ઠાકર (૧૯૪૦) ફોન: ૨૩૨૩૯૧૪૩



મયુરીબેન અશ્વિનભાઈ હાથી (૧૯૩૮) ફોન: ૨૩૨૨૯૩૪૪

### જાહેર જીવનમાં સૌ એ એકબીજાનો આદર કરવો

# મારા પ્રવચનનું ખોટું અર્થઘટન કરાયું : મુખ્યમંત્રી આદરણીય

### મુખ્યપ્રધાન વિવેકાનંદ યાત્રામાં ગુજરાતના પ્રશ્નોની વાત કરવાને બદલે વડાપ્રધાનસિંહને પડકાર ફેંકી રહ્યા હતા

અમદાવાદ, તા. ૯

મુખ્યમંત્રીની તુલના વાંદરા સાથે કરવા બાબતે જે વાતો ચર્ચામાં આવી છે હકીકતે મારા પ્રવચનનું ખોટું અર્થઘટન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી અમારા માટે આદરણીય છે અમે તેમની તુલના પ્રાણી સાથે ન કરી શકીએ. વાનર પણ આપણા પૂર્વ જ છે તેમનું પણ સન્માન કરીએ છીએ. તેમ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ આજે જણાવ્યું હતું.

તેમણે આજે પત્રકારોને જણાવ્યું હતું કે, જાહેર જીવનમાં સૌએ એક બીજાનો આદર કરવો જોઈએ. મુખ્યમંત્રી વિવેકાનંદજીની યાત્રામાં વિવેકાનંદજી વિશે 'વી' પણ બોલ્યા નહોતા. તેમના ભાષણમાં વડાપ્રધાન ડો. મનમોહનસિંહને જ ચૂંટણી લડવાનો પડકાર ફેંકતા હતા. આ પાર્લામેન્ટની ચૂંટણી નથી ગુજરાતની ચૂંટણી છે. વડાપ્રધાનને તો ૧૭૫ દેશો લાલ જાજમ પાથરીને આવકાર આપે છે પણ મુખ્યમંત્રીને વિઝા પણ મળતા નથી. મેં મારા પ્રવચનમાં ઉદાહરણ આપ્યું હતું કે એક વાનર ઝાડ પર ચડીને સિંહને ઝાડ પર ચડવા પડકાર ફેંકી રહ્યો હતો. તેમણે વધુમાં કહ્યું હતું કે, મુખ્યમંત્રીએ પોતાના પ્રવચનમાં ગુજરાતની ચર્ચા કરવી જોઈએ.

ગુજરાતમાં ૧૦ લાખ શિક્ષિત બેરોજગારો છે. આરોગ્યનું વ્યાપારીકરણ કેમ કરવામાં આવ્યું ? ગૌચરની જમીનો કેટલી વેચી દીધી, ગુજરાતનું દેવું કેટલું વધ્યું, જીડીપી ગ્રોથ કેમ ઘટ્યો તેની વાત કરવી જોઈએ, મુખ્યમંત્રી ગઈ ચૂંટણીમાં પાકિસ્તાનના જનરલ મુશર્રફને પડકાર ફેંકતા હતા. આ વખતે વડાપ્રધાન ડો. મનમોહનસિંહને પડકાર ફેંકી રહ્યા છે.

# વડગામ વિધાનસભા બેઠક પુનઃ ભા.જ.પા.એ જાળવવી હશે તો જિલ્લાના સ્થાનિક અને લાયક ઉમેદવારને મુકવો પડશે

વડગામ, તા. ૯

બનાસકાંઠા જિલ્લાની ૧૧-વડગામ વિધાનસભા બેઠક એ અનુસૂચિત જાતિની અનામત શીટ છે. ભાજપ, કોંગ્રેસમાંથી ઉમેદવારો આ શીટ માટે દાવેદારી કરેલી છે. દરેક વખતની જેમ આ વખતે પણ ઘણા દાવેદારો છે. ભાજપમાંથી છ ઉમેદવારોએ ટિકિટની માંગણી કરેલી છે.

વર્ષ ૨૦૦૭માં વડગામ વિધાનસભા બેઠક ઉપર ભાજપને નરેન્દ્ર મોદીના પ્રતાપે વિજય પ્રાપ્ત થયેલો હતો. પરંતુ વડગામ વિધાનસભા મતક્ષેત્રના મતદારો અને ખુદ ભાજપના સંનિષ્ઠ કાર્યકરોને જે જે અપેક્ષાઓ હતી તે જિલ્લાના બહારના આયાતી ઉમેદવાર હોવાથી કામો થઈ શક્યા નથી. આ વખતે વડગામ વિધાનસભા મત વિસ્તારના શાણા, સમજુ અને જાગૃત નાગરિકો-મતદારો જિલ્લાના સ્થાનિક, શિક્ષિત અને સિટિંગ ધારાસભ્યને રિપર કરવામાં આવશે તો વડગામના મતદારોએ તેમનાથી મોં ફેરવી લીધું છે તેમજ તેમને ટિકિટ આપવા સામે સેંકડો કાર્યકરો, મતદારોએ સખત વિરોધ કરી રહ્યા છે. ત્યારે જો ભાજપ તેમને પુનઃ ટિકિટ આપી રિપર કરશે તો જરૂર ભાજપને ધોપીપછાટ ખાવી પડશે તેવું સ્પષ્ટ ચિત્ર દેખાય છે.

વડગામ મતક્ષેત્રના મતદારો પાંચ વર્ષના અનુભવથી બીજા પાંચ વર્ષ બગાડવા માંગતા નથી ત્યારે ભાજપમાંથી જિલ્લાનો સ્થાનિક અને યુવાન શિક્ષિત ઉમેદવાર મુકશે તો જરૂર સીટ જળવાઈ રહેશે. ભાજપે વડગામ વિધાનસભાના મતદારોના ગમતા ઉમેદવારને મુકવો જોઈએ. ગણ્યાગાંઠ્યા કાર્યકર ધારાસભ્યને પુનઃ રિપિટ કરવાની વાત કરે તો તેમના વોટથી નહિ પણ વડગામ મતદારોના વોટથી ઉમેદવાર જીતશે. તો મતદારોને ગમતો અને જિલ્લાનો સ્થાનિક માણસ મુકવો. ભાજપ આ વખતે 'નો રિપિટ' થીયરી અપનાવી યુવાન, શિક્ષિત અને જિલ્લાના સ્થાનિક ઉમેદવારને મુકશે તો જ ઉમેદવાર જીતશે. નહિતર સામા પગલે આ વડગામશીટ પક્ષના હાથમાંથી સરકી જશે. જાતિ સમીકરણો અને નવા ચહેરાને પ્રોત્સાહીત કરી ઉમેદવાર મુકવામાં આવશે તો વડગામ શીટ ભાજપ જીતશે.

## ૧૯ નિવૃત્ત અધિકારીઓ વિધિવત કોંગ્રેસ પાર્ટીમાં

અમદાવાદ, તા. ૯

ભાજપ અને કોંગ્રેસમાં નિવૃત્ત અધિકારીઓને પક્ષમાં જોડાવવાની મોસમ ચાલી રહી છે. આજે ૧૯ જેટલા આઈએસ, આઈપીએસ કેડરના નિવૃત્ત અધિકારીઓ કોંગ્રેસમાં જોડાયા છે. પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ તમામ નિવૃત્ત અધિકારીઓને કોંગ્રેસનો ખેસ પહેરાવીને આવકાર આપ્યો હતો. નિવૃત્ત થયેલા આઈએસ અધિકારીઓ આર આર મહેતા, ડી એમ ડામોર તથા નિવૃત્ત પોલીસ અધિકારી એ કે પંડ્યા, આઈટીના નિવૃત્ત ડે. કમિશનરો આઈ એમ પરમાર, જી એમ ચૌહાણ, નિવૃત્ત એડી. કલેક્ટર જી. એમ. ત્રિવેદી સહિત ૧૯ નિવૃત્ત અધિકારીઓ આજે કોંગ્રેસમાં જોડાયા હતા.

# ઈડરની સગીરાને લગ્નની લાલચ આપી અપહરણ કરતા ફરીયાદ

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના મેરૂ ગામનો પરિવાર ઈડરની એક સોસાયટીમાં રહેતો હતો. તે દરમ્યાન આ કુટુંબની એક સગીરા સાથે સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ગાડુ ગામના અને હાલ ગાંધીનગર ખાતે રહેતા ગીરીશભાઈ ફુલજીભાઈ પટેલ સાથે જૂન ૨૦૦૫માં મુલાકાત થતાં બંને વચ્ચે પ્રેમ થઈ ગયો હતો. તે અરસામાં ગીરીશભાઈ પટેલે સગીરાને લગ્નની લાલચ આપી અને તેણી સાથે જુદા જુદા સ્થળોએ લઈ જઈ અવારનવાર શરીર સુખ માણ્યું હતું. જેના કારણે આ સગીરા ગર્ભવતી બની હતી. પરંતુ ગીરીશભાઈએ બળજબરીપૂર્વક ગર્ભપાત કરાવી નાખ્યો હતો. બીજી તરફ ગીરીશભાઈ આ સગીરાને અમદાવાદ બોલાવી હતી અને ત્યાં લગ્ન કરી લઈશું તેવું જણાવ્યું હતું. જેથી સગીરા અને તેના કુટુંબના સભ્યો અમદાવાદ ગયા હતા પરંતુ ગીરીશભાઈ સાથે કોઈ મુલાકાત ન થતાં તેઓ નિરાશ થઈ પરત ફર્યા હતા. ત્યારબાદ સગીરાના પિતાએ ખેડબ્રહ્મા તાલુકાના ગાડુ ગામે જઈ ફુલજીભાઈ પટેલના પરિવારનો સંપર્ક કર્યો હતો. પંરતુ ફૂલજીભાઈએ કોઈ જવાબ આપ્યો ન હતો. તેથી સગીરાએ તા. ૮-૧૧-૧૨ના રોજ ગીરીશભાઈ પટેલ સહિત અન્ય છ જણા વિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. તેમજ આ ફરીયાદમાં જાનથી મારી નાંખવાની તથા જાતિ વિરૂદ્ધ ઉચ્ચારણો કર્યાનું જણાવતો ઈડર પોલીસ મથકના નાયબ પોલીસ અધિક્ષક એ.ડી. ચૌધરીએ આઈ.પી.સી. કલમ ૪૦૬, ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૩૧૩, ૨૯૪(૫) ૫૦૬ (૨), ૧૧૪ તથા એટ્રોસીટી એક્ટ મુજબ ૩, (૧), (૧૧) તથા ૩-૨(૫) મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી વિવાદ લવાદ ટ્રીબ્યુનલમાં દિવાળી વેકેશન

ગાંધીનગર, તા. ૯

અમદાવાદ ખાતે આવેલ ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી વિવાદ લવાદ ટ્રીબ્યુનલની કચેરીમાં તા. ૧૨ નવેમ્બરથી ૨૫ નવેમ્બર, ૨૦૧૨ સુધી (બંને દિવસો સહિત) દિવાળી વેકેશન હોવાથી તે સમય દરમિયાન કેસોની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે નહિ. વધુમાં તા. ૧૨ નવેમ્બરથી ૧૮ નવેમ્બર, ૨૦૧૨ (બંને દિવસો સહિત) કચેરી સંપૂર્ણ બંધ રહેશે. બાકીના વેકેશન દરમિયાન તા. ૧૯ નવેમ્બરથી ૨૩ નવેમ્બર, ૨૦૧૨ સુધી ટ્રીબ્યુનલ કચેરી સવારે ૧૦.૩૦ થી બપોરના ૩.૩૦ કલાક સુધી કુલ્લી રહેશે. તેમ રજીસ્ટ્રાર, ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી વિવાદ લવાદ ટ્રીબ્યુનલ, અમદાવાદની જણાવાયુંછે.

### દિપેશ-અભિષેક કેસમાં સુપ્રીમનો ચુકાદો

# આશારામ બાપુની સામે અંતે સીબીઆઈ તપાસનો ઈન્કાર

### હાલ ચાલી રહેલી સીઆઈડી તપાસ યોગ્ય હોવાનું તારણ

અમદાવાદ,તા. ૯

વર્ષ ૨૦૦૮માં આશારામ બાપુના અમદાવાદ ખાતેના આશ્રમમાં બે બાળકોના અપમૃત્યુના કેસમાં આજે આશારામ બાપુને મોટી રાહત મળી હતી. સુપ્રીમ કોર્ટે આ કેસ સીબીઆઈને સોંપવાનો ઈન્કાર કર્યો હતો અને કહ્યુ છે કે આ મામલામાં હાલ ચાલી રહેલી તપાસ યોગ્ય છે. આશારામ બાપુ સામે સીબીઆઈ તપાસની માંગ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. અમદાવાદના પરાવિસ્તારમાં આશારામના આશ્રમના પ્રાંગણમાં ૨૦૦૮માં બે બાળકોના રહસ્યમય સંજોગોમાં મોત થયા હતા. ૩૦મી ઓગસ્ટના દિવસે ગુજરાત સીઆઈડીએ આશારામ બાપુના અમદાવાદ આશ્રમના સાત હોદેદારો સામે ચાર્જશીટ દાખલ કરી હતી. રહસ્યમય સંજોગોમાં મોતના મામલામાં તેમની ભૂમિકા બદલ આ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

ક્રાઈમબ્રાન્ચ દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં સાત સાધકોના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો જેમાં ઉદય સંઘાણી, પંકજ સક્સેના, યોગેશ ભટ્ટી, અજય શાહ, કૌશીકવાણી, વિકાસ ખેમકા અને મિનકેતન પાત્રાનો સમાવેશ થાય છે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ કેસમાં તપાસ કરવામાં આવી હતી. એપ્રિલ ૨૦૦૮માં અમદાવાદમાં બાપુના મોટેરા આશ્રમની નિવાસી સ્કૂલમાંથી અભિષેક વાઘેલા(૧૧) અને દિપેશ વાઘેલા(૧૦) લાપત્તા થઈ ગયા હતા. ત્યારબાદ તેમના મૃતદેહો આશ્રમ નજીક સાબરમતી નદીના કિનારે મળી આવ્યા હતા. આ કેસ ભારે હોબાળો થયા બાદ વર્ષ ૨૦૦૮માં સીઆઈડીને સોંપવામાં આવ્યો હતો. એક વર્ષ બાદ સાત સાધકો સામે વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. સીઆઈડીને સોંપવામાં આવેલી તપાસને યોગ્ય ગણાવવામાં આવી છે.

## શબ્દાવલી - ૪૮૯૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ■ | ૩ | ૪ |
| | ■ | | ■ | ■ | ૫ | | |
| ૬ | | | ૭ | | ■ | ૮ | |
| ■ | ■ | ૯ | | ■ | ૧૦ | ■ | ■ |
| ૧૧ | ૧૨ | | ■ | ૧૩ | | ૧૪ | ૧૫ |
| ૧૬ | | ■ | ૧૭ | | | | |
| | ■ | ૧૮ | | | ■ | ૧૯ | |
| ૨૦ | | | | ■ | ૨૧ | | |

**આડી ચાવી**

૧. હિલચાલ (૫)
૩. મુંગો, બોલી ના શકે તેવું (૨)
૫. એકના જેવું જેવું જ બીજું, સચોટ (૩)
૬. આંખોને ગમે તેવું (૬)
૮. લકવામાં દર્દી જયારે મુક્ત રીતે બોલી ન શકે ત્યારે જીભનો... વળે (૨)
૯. આટલું પૂરતું છે એવો ભાવ (૨)
૧૧. ધનવાન, સંપત્તિવાન (૩)
૧૩. મીઠું, લવણ (૪)
૧૬. છેડો, સાર (૨)
૧૭. એક ધર્મ સ્થળ (૫)
૧૮. કસ, સત્વ (૨)
૨૦. ... માંહે પોલ (ઢોલની કહેવત) (૪)
૨૧. વેર, દુશ્મનાવટ (૩)

**ઊભી ચાવી**

૧. શિયાળામાં તુવેરદાણાની બનતી એક વાનગી (૩)
૨. પ્રેક્ટીસ, રાગ બેસાડવા કે સુધારવા કરાતો પ્રયાસ (૩)
૩. લાહ્ય, અગ્નિ (૪)
૪. રૂખસદ, બરતરફ (૩)
૫. ખેવૈયા, ખારવો (૩)
૭. આંગણામાં છાણ માટીનો કરાતો લેપ (૩)
૯. ચણાના લોટની એક વાનગી (૩)
૧૦. ટોળું, મંડળ (૨)
૧૧. આશ્ચર્ય (૪)
૧૨. આકાશ (૨)
૧૪. હોંશિયાર (૪)
૧૬. જંગલ (૨)
૧૮. ઝાડનો મૂળ પછીનો ભાગ (૨)
૨૦. યશ, કિર્તી (૨)

**શબ્દાવલી ૪૮૯૩ના જવાબ**

**આડી ચાવી :-** (૧) કચરીયું (૫) કેળવણી (૬) રીલીઝ (૮) વત (૯) ખટરાગ (૧૧) અણનમ (૧૩) ણઆ (૧૫) ભણકારા (૧૭) રથ (૧૯) નજર (૨૧) જડભરત (૨૨) સદા

**ઊભી ચાવી :-** (૧) કચોરી (૨) રીયાઝ (૩) બળતરા (૪) પાણીચું (૫) કેવટ (૭) બળતરા (૯) ખમણ (૧૦) ગણ (૧૧) અચરજ (૧૨) નભ (૧૪) આવરદા (૧૬) રાન (૧૮) થડ (૨૦) જસ

## ઈલેક્ટ્રીકલ સુપરવાઈઝર અને ઈલેક્ટ્રીકલ વાયરમેનની લેખિત પરીક્ષા

ગાંધીનગર, તા. ૯

સચિવ, લાયસન્સીંગ, બોર્ડ, ગાંધીનગરની યાદીમાં જણાવ્યા મુજબ રાજ્યના અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર અને રાજકોટ કેન્દ્રો ખાતે ઈલેક્ટ્રીકલ સુપરવાઈઝરની લેખિત પરીક્ષા તા. ૧૮-૧૧-૨૦૧૨ અને ૧૯-૧૧-૨૦૧૨ના રોજ યોજાનાર છે. જ્યારે ઈલેક્ટ્રીલ વાયરમેનની પરીક્ષા અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર, સુરત, જૂનાગઢ, ભૂજ, વલસાડ અને પાટણ કેન્દ્રો પર તા. ૨૦-૧૧-૨૦૧૨ અને ૨૧-૧૧-૧૨ના રોજ યોજાનાર છે. આ બંને પરીક્ષાના ઈન્ટરવ્યુ કોલ રવાના કરવામાં આવ્યા છે. ૮-૧૧-૨૦૧૨ સુધીમાં મળે નહીં તો ઉમેદવારે સંબંધિત વિદ્યુત નિરીક્ષકની કચેરીનો સંપર્ક સાધવા તેમજ ખાતાની વેબસાઈટ httpp://ceiced. gujarat. gov.in તથા http:// guj-epd.gov.in પરથી પણ નામ અને રોલ નંબર જોવા મળશે.

## સાબરકાંઠા જિલ્લાનું ગૌરવ

હિંમતનગર, તા. ૯

સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ૫૮મી નેશનલ સ્કૂલ ગેમ્સ અંડર-૧૯ કરાટે સ્પર્ધાનું આયોજન મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે કરવામાં આવ્યુંહતુ. જેમાં સાબરકાંઠાના ત્રણ ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી મેડલ પ્રાપ્ત કરી ગુજરાત તેમજ જિલ્લાનું ગૌરવ વધાર્યુંછે.

૫૮મી નેશનલ સ્કૂલ ગેમ્સ અંડર-૧૯ કરાટે સ્પર્ધા તા. ૩૧મી ઓક્ટોબરથી ૫મી નવેમ્બર સુધી યોજાઈ હતી. સ્પર્ધામાં ગુજરાતના ૨૨ જિલ્લાઓના ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં સાબરકાંઠા જિલ્લાના ત્રણ ખેલાડીઓ પ્રથમ આવી ગુજરાત રાજ્યની કરાટે ટીમમાં સ્થાન મેળવ્યું છે. નેશનલ સ્કૂલ ગેમ્સમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર ખેલાડીઓમાં રોમા સુરમીતભાઈ પટેલ, ૬૦ કિ.ગ્રા. સિલ્વર મેડલ, જીગર સાગરભાઈ દેસાઈ ૭૦ કિ.ગ્રા.માં સિલ્વરમેડલ, પ્રાચી સુરેશભાઈ મકવાણા ૪૮ કિ.ગ્રા.માં મેડલ મેળવીને ગુજરાતનું ગૌરવ વધાર્યુંછે.

# વિદ્યાનગરી, હિંમતનગરમાં ડી.એલ. પટેલ જ્ઞાનસત્ર-૨૦૧૨-૧૩ યોજાયું

ગાંધીનગર, તા. ૯

શિક્ષણક્ષેત્રે પોતાની આગવી ઓળખ ધરાવતી વિશ્વમંગલમ્ કેળવણી મંડળ સંચાલિત વિદ્યાનગરી, હિંમતનગર ખાતે તા. ૯-૧૧-૨૦૧૨ને શુક્રવારના રોજ શ્રી ડી. એલ. પટેલ જ્ઞાનસત્ર-૨૦૧૨-૧૩નું સુંદર આયોજન કરવામાં આવ્યું. જેમાં વક્તાપદે દીવ્યભાસ્કરના કટાર લેખક સાહિત્યકાર અને જીવન શિક્ષણ માસિકના સહ તંત્રી રાઘવજી માધડે પ્રેરણા, સંસ્કાર અને કેળવણીના સ્ત્રોત : સ્વામી વિવેકાનંદ વિષય પર મનનીય વકતવ્ય રજુ કરતાં સ્વામીશ્રીના વિચારોની વર્તમાન સંદર્ભમાં પ્રસ્તુતતાને સાર્થક કરી હતી.

કાર્યક્રમના અધ્યક્ષ પદે કેળવણીકાર શ્રી ડી. એલ. પટેલ, ઉદ્‌ઘાટક પદે સાહિત્યકાર પ્રો. ફુલચંદ ગુપ્તા, મુખ્ય મહેમાન પદે એમ.ડી. પટેલ (મંત્રી, સર્જન ટ્રસ્ટ, હિંમતનગર) આર.બી.રાવલ તેમજ લેખક અલ્પેશભાઈ પટેલ લેખક અલ્પેશભાઈ પટેલ કનુભાઈ સોની, ડાહ્યાભાઈ પટેલ ઉમિયા પરિવાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રિ. ડૉ. કે.એલ. પટેલે કાર્યક્રમની ભૂમિકા બાંધી મહેમાનોને લાગણીભીનો આવકાર આપ્યો હતો. આ પ્રસંગે કેળવણી મંડળના મંત્રી દેવેન્દ્રભાઈ સુતરિયાને પ્રાપ્ત થયેલ ભારત જ્યોતિ એવોર્ડ ૨૦૧૨ આઈ.એફ.એસ. બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચનોમાં જીવન વિકાસ દ્વારા સમાજોત્થાન માટે હાકલ કરી હતી. અધ્યક્ષીય પ્રવચનમાં ડી.એલ. પટેલે યુવાનોના રોલ મોડલ માટે સ્વામી વિવેકાનંદની પ્રતિભાની અખંડિતતાને સામે ધરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. અરવિંદ પટેલ અને આભારવિધિ પ્રા. ભાઈલાલ પટેલે કરી હતી.

મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ વાલીઓ આમંત્રીત મહેમાનો તેમજ સ્ટાફમિત્રોના સાથ સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## નવાં સેક્ટરોમાં...

આઠમા પાનાનું અનુસંધાન

નોટીસ આપી ૧૦ ટકા વસુલાત રીકવર કરવામાં આવી છે. આમ છતાં બાકી વેરાની રકમ નોંધપાત્ર છે. જયારે નવા સેકટરોમાં પણ અંદાજિત ૧ હજાર જેટલા જોડાણકર્તાઓએ વેરો ભરપાઈ ન કર્યો હોવાનું તંત્રના ધ્યાને આવ્યું છે. જેને ધ્યાને લઈ બાકીની વસૂલાત માટે તંત્ર દ્વારા નોટીસ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

## ગ્રાહક તકરાર નિવારણ પંચની કચેરીમાં દિવાળી વેકેશન

રજીસ્ટ્રાર, ગ્રાહક તકરાર નિવારણ પંચની જણાવ્યા મુજબ તા. ૧૨-૧૧-૨૦૧૨ થી તા. ૨૫-૧૧-૧૨ પંચની કચેરીમાં દિવાળી વેકેશન રહેશે. વેકેશન દરમિયાન અરજદાર કેસ આગળ ધપાવવા ઈચ્છતા હોય તો તેમણે પંચના કાર્યાલય, ગ્રાહક તકરાર નિવારણ પંચ, ગોતા ક્રોસ રોડ, એસ.જી. હાઈ-વે, અમદાવાદ-૩૮૦૦૬૦નો અગાઉથી સંપર્ક કરીને કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

## સ્વચ્છ અને સ્વસ્થ... પહેલા પાનાનું અનુસંધાન

ચર્ચાઓ થઈ હતી અને આ અંગેનું આયોજન હાલ પ્રાથમિક તબક્કામાં હોઈ તે વિશે કંઈપણ કહેવાનો તેમણે ઈન્કાર કરી દીધો હતો.

શ્રી પટેલે જણાવ્યું હતુ કે આજની બેઠકમાં ફાયર બ્રિગેડ દ્વારા થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. તેમજ આ કામગીરીમાં હજુ સુધારા માટે ઘણી બધી આવશ્યકતાઓ જણાઈ હોવાનું જણાયુ છે. તેમણે પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતુ કે શહેરની સ્વચ્છતા એ અમારી પ્રાથમિકતા છે. સ્વચ્છ શહેર અને સ્વસ્થ શહેર માટે અમે સઘન પ્રયાસો કરી રહ્યા છીએ અને આગામી દિવસોમાં અમારા પ્રયાસો તમને દેખાશે.

## સંદિપ દિક્ષીત... પહેલા પાનાનું અનુસંધાન

આ સભાને સંબોધવા માટે દિલ્હીના મુખ્યમંત્રી શીલા દિક્ષીતના પુત્ર અને રાહુલ યંગબ્રિગેડના શ્રી સંદીપ દિક્ષીત ગાંધીનગરમાં પ્રથમવાર આવી રહ્યા છે. શ્રી સંદીપ દિક્ષીત ઉત્તર ગુજરાતના પાલનપુરના જમાઈ છે. તેમની સાથે આ સભાને પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને કેન્દ્રના રાજ્યમંત્રી શ્રી ભરતસિંહ સોલંકી પણ સભાને સંબોધન કરનાર છે. આ સભામાં ગાંધીનગર કોર્પોરેશન વેળાએ પ્રભારી તરીકેની કામગીરી કરનાર અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નરહરી અમીન તથા સાંસદશ્રી જગદીશ ઠાકોર સંબોધન કરનાર છે.

## ઘમ્મરવલોણું...

આઠમા પાનાનું અનુસંધાન

ક્યા જાને અદરક કા સ્વાદ'- એ પ્રતિક્રિયા અમથી નહોતી આવી. 'મોદી કોઈને પ્રેમ કરી તો જુએ!' કહીને શશી થરૂરે કોઈ રોમેન્ટીક નવલકથાના નાયકની જેમ એમને પડકાર્યા છે અને કહ્યું છે કે પ્રેમિકાનું મૂલ ન કરાય. એ તો અણમોલ જ હોય.

ભાજપ પ્રમુખ ગડકરીએ એમનું વાક્ચાતુર્ય દર્શાવતાં દાઉદ સાથે વિવેકાનંદની તુલના કરી દીધી! આઈ.ક્યુ. કહેતાં બુદ્ધિ આંકની સરખામણી કરી રહેલા ભાજપ પ્રમુખની લૂલી બોલતાં તો બોલી ગઈ, પણ એના પ્રત્યાઘાત કેટલા ઊંડા પડ્યા! બુદ્ધિમાન માણસ પણ ક્યારેક વાણી વિવેક ચૂકે તો તેવો અનર્થ સરજાય, એનો તાજો દાખલો રામ જેઠમલાણીના ભગવાન મર્યાદા પુરુષોત્તમ રામ વિશેના નિવેદનમાં દ્દષ્ટિગોચર થાય છે. વાણી વિલાસને જ મુદ્દે આગલે દિવસે જેઠમલાણી અને એમના સપુત્ર મહેશે ગડકરી વિરૂદ્ધ બળવો પોકાર્યો હતો. વળતે જ દિવસે 'રામ'નું નામ ધરાવતા જેઠમલાણીએ રામ પર દાઝ કાઢી : 'હી વૉઝ અ બૅડ હસબંડ.. આઈ ડૉન્ટ લાઈક હિમ ઍટ ઑલ..' રામ ખૂબ જ ખરાબ પતિ હતા; મને તો એ દીઠા ન ગમે.. હવે જે રામ દીઠ નથી ગમતા એમની જન્મભૂમિના મુદ્દે તો એમનો ભગવો પક્ષ કેન્દ્રમાં સત્તા પર આવ્યો હતો! જેઠમલાણીએ ગડકરીની બરોબરી કરે એવો બફાટ કરી દીધો અને ભાજપ રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ ગયો! અમિત શાહને જામીન અપાવનાર આ રામ જેઠમલાણી જ હતા. હવે એ મોદીને વડાપ્રધાન બનાવવાનો એક મુદ્દાનો એજંડા લઈને પક્ષના મોવડી મંડળની સામે પડ્યા છે. ગડકરીના નેતૃત્વને એમણે કોગ્રેંસની અદાથી પડકાર્યું છે!

આમાં 'વદતો વ્યાઘાત'ની સ્થિતિ પણ સરજાતી રહી છે. જયરામ રમેશ જ્યારે શૌચાલયને મંદિર કરતાં પવિત્ર સ્થાન કહે ત્યારે એમના આશય મંદિરને ઉતારી પાડવાનો મુદ્દલ ન હોય. ગડકરી જ્યારે બુદ્ધિ આંકના મુદ્દે વિવેકાનંદ અને દાઉદને સરખા ગણાવે ત્યારે એમણે સ્વપ્ને પણ ન કલ્પ્યું હોય કે એના કારણે આવડો મોટો ઊણપોહ સરજાશે. બુદ્ધિ અવળે માર્ગે વપરાય તો દાઉદ સરજાય; સવળે માર્ગે આપણને વિવેકાનંદ મળે. વાત તો આટલી જ હતી. એ જ રીતે મનમોહનસિંહને સતત પડકારતા રહેતાં મોદીને મોઢવાડિયા સિંહને પડકારતા વાંદરા સાથે સરખાવે કે મોદીને હડકાયું કૂતરું કરડ્યું હોવાનું કહે ત્યારે સાહિત્યની ભાષામાં કશું ખોટું નથી કહેતા: હા, ચૂંટણી પંચે બાંધેલી વિવેક મર્યાદા કે વાણીની લક્ષ્મણ રેખા જરૂર અખપાય છે!